

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૧૨/૦૩/૨૦૨૬ | | |
| રજીસ્ટરે નોંધ્યા તારીખ | ૧૨/૦૩/૨૦૨૬ | | |
| ફેસલ કર્યા તારીખ | ૦૬/૦૪/૨૦૨૬ | | |
| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૨૫ |

**સુરેન્દ્રનગરના મહે. સ્પેશ્યલ જજ અને ચોથા એડી.સેશન્સ જજ (શ્રી એન.જી.શાહ) સાહેબની કોર્ટમાં, મુકામ–સુરેન્દ્રનગર**

| | |
|---|---|
| ફોજ.પરચૂ. અરજી(અધર) નંબર:– ર૬પ/ર૦રપ | |
| આંક::– | |

ચંપાબેન ચાંડાભાઇ ધોરીયા,
ઉ.વ.આ.૭૦,ધંધો–ઘરકામ,
રહે.કાશીપરા,તા.વાંકાનેર. **......અરજદાર.**

**વિ રુ ધ્ધ**

શ્રી સરકાર. **......સામાવાળા.**

**બાબત:–** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૯૭ મુજબ મુદ્દામાલ પરત મેળવવા અરજી.

---

**એડવોકેટસ:–**

અરજદાર તરફે : વિ.વ.શ્રી ઝેડ.એ.ચૌહાણ.
સામાવાળા તરફે : વિ.મુખ્ય પી.પી.શ્રી એમ.પી.સભાણી.

---

**:: ચુ કા દો ::–**

**(૧)** સાંભળ્યા. અરજદારની હાલની અરજી તથા રેકર્ડ વંચાણે લીધુ.

**(ર)** અરજદારે હાલની અરજી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૯૭ મુજબ મુદ્દામાલ કમ્પ્રેશર વચગાળાના તબકકે પરત મેળવવા

માટે કરેલી છે.

(૩) અરજદાર તરફે મુખ્યત્વે રજુઆત છે કે,અરજદારની માલીકીનું મહીન્દ્રા કંપનીનું ટ્રેકટર તથા તેની સાથે કંપ્રેસર મશીન રજી.નં.જીજે–૦૩–એસએસ–૨૧૭૭, ચેસીસ નં.ENS ૩૮૯૫ તથા એન્જીન નં.ENS ૩૮૯૫ હાલનાં ગુન્હાનાં કામે કબ્જે કરવામાં આવેલ હોય જે મેળવવા ફોજદારી પરચુ.અરજી નં.૮૫૦/૨૫થી અરજી કરેલ હતી જેમાં નામ.કોર્ટ ધ્વારા તા.૧૨/૧૧/૨૦૨૫ નાં રોજ હુકમ કરવામાં આવેલ જેમાં મુદ્દામાલ ટ્રેકટર વચગાળાના સમય માટે મુકત કરેલ હતુ પરંતુ, તેની સાથેના કંપ્રેશર મશીન અંગેનો સદરહુ હુકમમાં ઉલ્લેખ ન હોય જેથી હાલની અરજીમાં ટ્રેકટર તથા તેની સાથે કંપ્રેશર મશીન બન્નેનો હુકમ કરી આપવા વિનંતી કરેલી છે.

(૪) આ કામે અરજદાર તરફે તેમની અરજીના સમર્થનમાં માર્ક ૩/૧ થી લેખિત ફરીયાદની ઝેરોક્ષ નકલ, માર્ક ૩/૨થી ફોજદારી પરચુ.અરજી નં.૮૫૦/૨૫નાં કામની અરજીની ઝેરોક્ષ નકલ, માર્ક ૩/૩ થી ફોજદારી પરચુ.અરજી નં.૮૫૦/૨૫નાં કામનાં હુકમની નકલ તથા માર્ક ૩/૪થી નામ.ગુજરાત વડી અદાલતનાં રે/સ્પે.ક્રિમી.એપ્લી.(પઝેશન ઓફ મુદ્દામાલ) નં.૧૬૨૭૯/૨૫નાં કામનાં ચુકાદાની નકલની નકલ રજુ કરેલ છે.

(૫) સદર અરજી રજુ થતાં સામાવાળાને નોટિસ પાઠવવામાં આવેલી, જેના અનુસંધાને સામાવાળા સરકારશ્રી તરફે વિ.મુખ્ય પી.પી.શ્રી એમ.પી. સભાણીનાંઓ રૂબરૂ હાજર થયેલા છે અને તેઓ મારફતે ભુસ્તરશાસ્ત્રી, ભુસ્તર વિજ્ઞાન અને ખનીજ ખાતુ,સુરેન્દ્રનગરનો અભિપ્રાય આંક–૦૪ તથા આંક–૦૫થી રજુ કરવામાં આવેલ છે.

(૬) અરજદારની અરજી મુજબની દલીલ છે તેમજ વિ.મુખ્ય પી.પી.શ્રીએ નામ.કોર્ટને યોગ્ય લાગે તે હુકમ કરવા રજુઆત કરેલ છે.

(૭) આ કામે આંક–૦૪ તથા આંક–૦૫થી રજુ અભિપ્રાય વંચાણે લેતાં સદર મુદ્દામાલ ખનીજ ચોરીમાં સંડોવાયેલ હોય મુકત ન કરવા

અભિપ્રાય આપેલ છે.

(૮) હાલની અરજી, ભુસ્તરશાસ્ત્રી, ભુસ્તર વિજ્ઞાન અને ખનીજ ખાતુ,સુરેન્દ્રનગરનો અભિપ્રાય અને આ કામે રજુ તમામ આધારો વંચાણે લીધા અને હાલની અરજી સંદર્ભે અરજદારના વિ.વ.શ્રી અને વિ.મુખ્ય પી.પી.શ્રીને સાંભળ્યા. રોયલ્ટી ઇન્સ્પેકટરશ્રી,ભુસ્તરશાસ્ત્રીની કચેરી,સુરેન્દ્રનગર ધ્વારા માઇન્સ એન્ડ મીનરલ્સ (ડેવલપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) એકટ,૧૯૫૭ની કલમ-૪ અને ગુજરાત મીનરલ્સ (પ્રિવેન્શન ઓફ ઇલીગલ માઇનીંગ,ટ્રાન્સપોર્ટેશન એન્ડ સ્ટોરેજ) રૂલ્સ,૨૦૧૭નાં નિયમ-૩ના ભંગ બદલ માઇન્સ એન્ડ મીનરલ્સ (ડેવલપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) એકટ,૧૯૫૭ની કલમ-૨૨ મુજબ દાખલ કરવામાં આવેલ ફરીયાદ સંબંધે આરોપી નં.૭ની માલીકીનું મહીન્દ્રા કંપનીનું ટ્રેકટર તથા તેની સાથે કંપ્રેસર મશીન રજી.નં.જીજે-૦૩-એસએસ-૨૧૭૭, ચેસીસ નં.ENS ૩૮૯૫ તથા અને એન્જીન નં.ENS ૩૮૯૫ હાલનાં ગુન્હાનાં કામે કબ્જે કરવામાં આવેલ હોય જે પરત મેળવવા અરજદાર ધ્વારા અત્રે કોર્ટમાં ફોજદારી પરચુ.અરજી નં.૮૫૦/૨૫થી દાખલ કરવામાં આવેલ હતી જેમાં અત્રે કોર્ટ ધ્વારા તા.૧૨/૧૧/૨૦૨૫ નાં રોજ હુકમ કરવામાં આવેલ જેમાં મુદ્દામાલ ટ્રેકટર વચગાળાના સમય માટે મુકત કરેલ હતુ પરંતુ, તેની સાથેના કંપ્રેશર મશીન અંગેનો સદરહુ હુકમમાં ઉલ્લેખ ન હોય જેથી હાલની અરજીમાં ટ્રેકટર તથા તેની સાથે કંપ્રેશર મશીન બન્નેનો હુકમ કરી આપવા વિનંતી કરેલી છે. વધુમાં,અરજદાર તરફે માર્ક-૩/૪થી નામ.ગુજરાત વડી અદાલતનાં રે/સ્પે.ક્રિમી.એપ્લી.(પઝેશન ઓફ મુદ્દામાલ) નં.૧૬૨૭૯/૨૫નાં કામનો તા.૦૯/૧૨/૨૦૨૫નો ચુકાદો રજુ કરી નામ.ગુજરાત વડી અદાલત ધ્વારા બેન્ક ગેરંટીના બદલે મુદ્દામાલ વાહનની દોઢી રકમનાં સધ્ધર જામીન રજુ કરવાનો હુકમ થયેલ હોય તે મુજબ સદર અરજીનાં હુકમમાં પણ તે મુજબ હુકમ કરવા રજુઆત કરાયેલી છે. આમ,ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં,અત્રે કોર્ટ ધ્વારા અધર ક્રિમી.મીસે.એપ્લી.નં.૮૫૦/૨૦૨૫ના કામે અરજદારની માલીકીનું મહીન્દ્રા એન્ડ મહીન્દ્રા કંપનીનું ટ્રેકટર રજી.નં.જીજે-૦૩-એસએસ-૨૧૧૭, ચેસીસ નં. ENS ૩૮૯૫ અને એન્જીન નં.

ENS ૩૮૯૫ વચગાળાના તબકકે મુકત કરવા હુકમ કરાયેલ હોય અને આંક–૦૪ તથા આંક–૦૫થી રજુ અભિપ્રાય ધ્યાને લેતાં સદર ટ્રેકટરની સાથે કમ્પ્રેશર પણ કબ્જે કરાયેલ હોય જેથી ન્યાયના વિશાળ હિતમાં અરજદારની આ અરજી મંજુર રાખી સદરહુ મુદ્દામાલની કસ્ટડી અરજદારને આપવામાં આવશે તો ન્યાયનું હિત જળવાશે. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

(૧) અરજદાર ચંપાબેન ચાંડાભાઇ ધોરીયા,રહે.કાશીપરા,તા.વાંકાનેર નાંઓની હાલની અરજી મંજુર કરવામાં આવે છે.

(૨) અરજદારની માલીકીના ટ્રેકટર,રજી.નં.જીજે–૦૩–એસએસ–૨૧૧૭, ચેસીસ નં.ENS ૩૮૯૫ અને એન્જીન નં. ENS ૩૮૯૫ સાથેનું મુદ્દામાલ કમ્પ્રેશર મશીન,ફોજદારી પરચુ.અરજી (અધર) નં.૮૫૦/ ૨૫નાં કામે તા.૧૨/૧૧/૨૦૨૫નાં રોજ ફરમાવવામાં આવેલ શરતોને આધિન અને નામ.ગુજરાત વડી અદાલતનાં રે/સ્પે. ક્રિમી. એપ્લી. પઝેશન ઓફ મુદ્દામાલ) નં.૧૬૨૭૯/૨૫નાં કામના તા.૦૯/૧૨/ ૨૦૨૫નાં હુકમ મુજબ વચગાળાના તબકકે હાલનાં અરજદારને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) હુકમ મુજબ જરૂરી યાદી કરવી.

હુકમ આજ રોજ તારીખ ૦૬ઠ્ઠી, માહે એપ્રિલ, સને ૨૦૨૬નાં રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કરવામાં આવ્યો.

તા.૦૬/૦૪/૨૦૨૬

(નરેશભાઇ જી. શાહ)
સ્પેશ્યલ જજ (માઇન્સ એન્ડ મીન.),
સુરેન્દ્રનગર
જજ કોડ નં.જીજે.૦૦૭૫૧.